# પ્રાંતિજ અંનત વિલા એપાર્ટમેન્ટની પાછળના રોડ પર ગંદકીનું સામ્રાજય

**દુર્ગંધથી રોજીદુ અવરજવર કરતા લોકોના નાક ના ટેરવા પણ ચડી જાય છે : પ્રાંતિજ પાલિકાની બે કાળજી રોગચાળાને આમંત્રણ : રજુઆતો છતાંય જવાબદાર પાલિકા કુંભકર્ણ નિંદ્રામાં**





પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ત્રણ રસ્તા પાસે આવેલ અંનત વિલા એપાર્ટમેન્ટ પાછળ ના રોડ ઉપર ગંદકી નુ સામ્રાજય તો દુર્ગંધ થી આરોડ ઉપર થી રોજીદુ અવરજવર કરતા લોકો ના નાક ના ટેરવા પણ ચડી જાય છે જયારે પ્રાંતિજ પાલિકા ની બે કાળજી રોગચાળા ને આમંત્રણ આપી રહ્યુ હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે પ્રાંતિજ નગરપાલિકા વિસ્તાર એપ્રોચરોડ ત્રણ રસ્તા ઉપર આવેલ અંનત વિલા એપાર્ટમેન્ટ ના પાછળ નો રોડ ગંદકીથી ખબખબી ઉઠયો છે અને આ રોડ ઉપર થી રોજીદુ અવરજવર કરતા રહીશો અસહ્ય દુર્ગંધ તથા ગંદકી ને લઈ ને તોબા પોકારી ઉઠયા છે તો એકબાજુ ગંદકી અને પાણી લીકેજ થતા કાદવ કીચડ કોવાડ થતા રાત્રીના સમયે દુર્ગંધ મારે છે ત્યારે તેની દુર્ગંધ થી રાત્રીના આજુબાજુમા આવેલ સોસાયટી સુધી પોહચી જાય છે ત્યારે અનેક વાર પાલિકા મા રજુઆતો છતાંય પ્રાંતિજ પાલિકા આંખઆડે કાન કરતુ હોય તેવુ સ્પષ્ટ પણે જણાઈ આવે છે ત્યારે ગંદકી ને લઈ ને જાણે કોઈ મોટા રોગચાળા ની રાહ જોવાતી હોય તેમ પ્રાંતિજ નગર પાલિકા દ્વારા આ વિસ્તાર મા સ્વચ્છતા અભિયાન હાથ ધરવામા આવતુ નથી ત્યારે અસહ્ય ગંદકી દુર્ગંધ થી હાલતો અહીંથી રોજીદુ અવરજવર કરતા લોકો તથા આજુ બાજુ ના રહીશો તોબા તોબા પોકારી ઉઠ્યા છે ત્યારે પ્રાંતિજ પાલિકા દ્વારા તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામા આવે તેવી માંગ પણ ઉઠવા પામી છે.

# રોટરી કલબ ડીસા દ્વારા વનવાસી વિસ્તારમાં મેડિકલ કેમ્પ યોજાયો



ડીસા, તા. ૨૩

હંમેશા સેવાકીય કાર્ય દ્વારા સમાજમાં અદકેરું સ્થાન ઉભુ કરનાર રોટરી ક્લબ ડીસા દ્વારા બનાસકાંઠાના દાંતા તાલુકાના અંતરિયાળ વનવાસી ગામ વસી ખાતે ગત રવિવારે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું રોટરી ક્લબ ડીસાના ડાયનેમિક પ્રમુખ ડો.પ્રવીણભાઈ ઠક્કર અને સેક્રેટરી રો.ગોપાલભાઈ જોશીની આગેવાનીમાં આયોજીત મેડિકલ કેમ્પનું સફળ સંચાલન પ્રોજેક્ટ ચેરમેન અને ડીસાના જાણીતા સેવાભાવી ડોક્ટર ભરતભાઈ શાહ તથા ડીસાના જાણીતા ફિઝિશિયન ડોક્ટર બળવંતભાઈ પંચાલ અને મેડિકલ ઓફિસર ડો.ભરતભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતરિયાળ ગામો માંથી આવેલા ૧૦૦ કરતા વધારે પેશન્ટને તપાસીને એમને જરૂરી દવાઓ ડીસા કેમિસ્ટ એસોસીએશન તરફથી ફ્રીમાં આપવામાં આવેલ. ફાર્માસિસ્ટ તરીકે કમલેશભાઈ ઠક્કરે સુંદર સેવાઓ આપેલ. ડો. પિયુષભાઈ પ્રજાપતિ તેમજ રો.દિલીપભાઈ સોની અને રોટરી ક્લબ ડીસાના મેનેજર અશોકભાઈ હાજર રહી કેમ્પને સફળ બનાવવામાં મદદરૂપ થયા હતા.તેમજ ગામના સરપંચ શિવાભાઈ અને એમની ટીમ દ્વારા સુંદર સહયોગ મળ્યો હતો.

## જન્મદિને વધામણી



રાકેશભાઈ જે પટેલ
મહામંત્રી અરવલ્લી
જિલ્લા ઉ.મા.શિક્ષક સંઘ
બાયડ જીલ્લો અરવલ્લી



રોનક ગીરીશભાઈ
બ્રહ્મભટ્ટ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૨
બાયડ જીલ્લો અરવલ્લી



ઘનશ્યામભાઈ પટેલ
વલ્લભ નગર પ્રાથમિક
શાળા
બાયડ

# કાંકણોલમાં સત્સંગ સાંભળવા ગયા અને ખેડૂતનું બાઈક ચોરાયું

**સત્સંગીઓના વાહનો અસલામત**

બાયડ (બ્યુરો ઓફિસ) તા. ૨૩

હિંમતનગર તાલુકાના કાંકણોલ નજીક ચાલી રહેલા સત્સંગ સ્થળે સત્સંગીઓના વાહનો અસલામત બન્યાં છે. ગત રોજ કરણપુરથી બાઈક લઈને સત્સંગ સાંભળવા ગયેલા ખેડૂતનું તળાવ પાસેથી બાઈક ચોરાઈ જતાં પોલીસ ફરિયાદ થઈ છે. બનાવ અંગે હિંમતનગર એ-ડીવીઝન પોલીસે વાહન ચોરીનો ગુનો નોંધ્યો છે.

જાણવા મળ્યા મુજબ હિંમતનગર તાલુકાના કરણપુર ગામના ખેડૂત વિષ્ણુભાઈ ઈશ્વરલાલ પટેલ કાંક્ચોલ ગામ નજીક ધાર્મિક સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હોવાથી તા.૨૦ના રોજ બાઈક લઈ તેઓ સત્સંગ સાંભળવા માટે ગયા હતા જ્યાં તળાવ નજીક આવેલા મહોદવજીના મંદિર પાસે બાઈક પાર્ક કરી સત્સંગ મંડપમાં ગોઠવાયા હતા. સત્સંગ પૂરો થયા પછી પાર્ક કરેલી જગ્યાએ જતાં બાઈક ગાયબ થઈ ગયું હતું. આસપાસમાં તપાસ કરવા છતાં ક્યાંય બાઈકનો પત્તો મળ્યો ન હતો. સત્સંગ સ્થળેથી વાહન ચોર રુ ૧૫ હજારની કિંમતનું બાઈક ઉઠાવી પલાયન થઈ ગયાનું જણાતાં પોલીસને જાણ કરી છે.

ઉનાળા પૂર્વે જળાશયોનાં તળીયાં દેખાતાં ચિંતા વધી

# સાબરકાંઠાના ગુહાઈ જળાશયમાં નર્મદાનું પાણી છોડાયું

**ઉનાળામાં યોજનામાં સમાવિષ્ટ ૪૯ ગામોને પીવાના પાણીની રાહત થશે**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૩

ગત ચોમાસામાં ઓછા વરસાદના કારણે ઉનાળાની શરૂઆતથી જ જળાશયોમાં પાણીની સપાટી ચિંતાજનક ઘટી છે. સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ તેમજ પીવાના પાણી માટે મહત્વના ગુહાઈ જળાશયમાં પાણીનું સ્તર ઘટતાં છેલ્લા ૨ દિવસથી જળાશયમાં નર્મદાનું પાણી છોડવામાં આવ્યું છે. આગામી ઉનાળાની સ્થિતિને ધ્યાનમાં રાખી પ્રતિક્લાકે ૩૬ ક્યુસેક પાણી રાત-દિવસ છોડવામાં આવી રહ્યું છે જેના કારણે પાણી પુરવઠા વિભાગની જૂથ યોજનામાં સમાવિષ્ટ ૪૯ ગામોને રાહત થઈ શકે છે.

જળાશયોમાં શિયાળાના અંતિમ ચરણમાં જ પાણીની સ્થિતિએ ચિંતા ફેલાવી છે. મોટા જળાશયોમાં ચોમાસા દરમ્યાન પાણીનો ઓછો જથ્થો સંગ્રહીત થવાથી હવે ઝડપથી પાણી ઓસરવા લાગ્યાં છે. મોટા ભાગના જળાશયોમાં પાણીનો જીવંત જથ્થો જ બચ્યો છે તો કેટલાક જળાશયોનાં તો તળીયાં દેખાય તેવી સ્થિતિ ઉભી થઈ છે. જિલ્લાના ગુહાઈ જળાશયમાં પાણીની સપાટી ઓછી થયા પછી આગામી ઉનાળામાં પાણીની સંભવિત સ્થિતિને પહોંચી વળવા માટે આગોતરી તૈયારી કરવામાં આવી જેમાં છેલ્લા ૨ દિવસથી પાઈપલાઈન મારફતે જળાશયમાં નર્મદાનું પાણી છોડવામાં આવી રહ્યું છે. હાલ ગુહાઈ જળાશયની સપાટી ૧૬૪.૭૫ સુધી જોવા મળી રહી છે અને નર્મદાનું પાણી સતત ચાલુ હોવાના કારણે સપાટીમાં વધારો થઈ શકે છે. જળાશય સાથે જોડાયેલ જુથ યોજનામાં કુલ-૪૯ ગામોને યોજનામાં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે પરંતુ ૧૩ ગામો જ ગુહાઈ જળાશયની યોજના દ્વારા પાણી મેળવી રહ્યાનું જાણવા મળ્યું છે. જો કે જે ગામો જૂથ યોજનામાં સમાવાયેલા છે તે ગામોમાં આગામી સમયમાં ઉભી થનારી સંભવિત પાણીની સમસ્યાને નિવારવા માટે અત્યારથી જ નર્મદાનું પાણી છોડવામાં આવ્યું છે.

**જિલ્લામાં બે દિવસથી પાણી છોડવામાં આવ્યું છે**

જિલ્લામાં ઉનાળા પૂર્વે જળાશયોનાં તળીયાં દેખાવવા લાગ્યાં છે. આગામી સમયમાં પીવાના પાણીની સંભવિત મુશ્કેલી ટાળવા માટે વિભાગ દ્વારા આગોતરા આયોજન કરવામાં આવી રહ્યાં છે. કાર્યપાલક ઈજનેર કે. કે. બોદરે જણાવ્યું કે હાલ બે દિવસથી ગુહાઈ જળાશયમાં નર્મદાનું પાણી છોડવામાં આવી રહ્યું છે.



તાજેતરમાં જ લગ્નની પૂર બહારમાં ખીલી મોસમ પૂર્ણ થઈ ત્યારે લગ્નની મોસમમાં ખોડાભાઈ માધાભાઈ દેસાઈ ડીસા ગામ પમરૂ ના દીકરા ના લગ્ન પ્રસંગે ખોડાભાઈ દ્વારા પાટણ હાઈવે પર આવેલ શુભમ પાર્ટી પ્લોટ ખાતે ભોજન સમારંભ રાખવામાં આવ્યો હતો જેમાં પૂર્વ ધારાસભ્ય પૂર્વ ધારાસભ્ય ગોવાભાઈ રબારી પૂર્વ ચેરમેન મગનલાલ માળી ડીસાના રબારી સમાજના આગેવાનો યુવાનો તેમજ સમાજના અગ્રણીઓ apmc ચેરમેન માવજીભાઈ દેસાઈ ડીસા નગરપાલિકા પ્રમુખ રાજુભાઈ ડીસાના આગેવાનો સ્વૈચ્છિક સંસ્થાના પ્રમુખશ્રીઓ અને વિશેષ પ્રતિભાશાળી વ્યક્તિઓ સગા સ્નેહીઓ એ હાજરી આપી હતી વિશેષમાં ગાંધીનગર થી ડીસા આવી ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડયા એ હાજરી આપી નવદંપતીને આશીર્વાદ આપ્યા હતા.

# બનાસકાંઠાના દિગ્ગજ નેતા અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રી એ. કે.પટેલનું નિધન

**ટુંકી માંદગી બાદ અમૃતલાલ કાળીદાસ પટેલનું નિધન થયું : એ.કે. પટેલનું નિધન થતાં પરિવારમાં તેમજ જિલ્લામાં શોકનો માહોલ**

પાલનપુર તા. ૨૩

બનાસકાંઠાના દિગ્ગજ નેતા અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રી અમૃતલાલ કાળીદાસ એટલે કે એ.કે. પટેલનું આજે નિધન થયું છે. એ.કે.પટેલ પાલનપુરના કોંગ્રેસના ધારાસભ્ય મહેશ પટેલના પિતા છે. એ.કે.પટેલ વર્ષો પહેલાં રાજપા સરકારમાં પશુપાલન કૃષિ મંત્રી રહી ચૂક્યા છે. ટુંકી માંદગી બાદ આજે અમૃતલાલ કાળીદાસ પટેલનું નિધન થયું હતું.



બનાસકાંઠા જિલ્લાના રાજકીય દિગ્ગજ નેતાનું આજે નિધન થયું હતું. એ.કે. પટેલ વર્ષોથી રાજકારણ સાથે જોડાયેલા હતા. શંકરસિંહ વાઘેલાની રાજપા પાર્ટીમાં તેઓ કૃષિ મંત્રી પણ રહી ચૂક્યા છે.

સરળ સ્વભાવના એ.કે. પટેલ જિલ્લામાં આગવી ઓળખ ઉભી કરી લોકોના દિલમાં રાજ કર્યું હતું અને વર્ષો સુધી રાજકારણમાં રહ્યા હતા. હાલમાં એ.કે. પટેલના પુત્ર મહેશ પટેલ છેલ્લી બે ટર્મથી પાલનપુર કોંગ્રેસ વિધાનસભા સીટ પર ચાલુ ધારાસભ્ય છે. એ.કે. પટેલનું ટુંકી માંદગી બાદ નિધન થતાં તેમના પરિવારમાં તેમજ જિલ્લામાં શોકનો માહોલ છવાયો છે.

## ટચુકડી જાહેર ખબર

દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન

# પ્રાંતિજના સીતવાડા ખાતે શ્રી ફુલ જોગણી માતાના મંદિર ખાતે હવન, ધ્વજા રોહન કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સીત વાડા ખાતે આવેલ શ્રી ફૂલ જોગણી માતાજી મંદિર ખાતે હવન અને ધ્વજા રોહન કાર્યક્રમ યોજવામાં આવ્યો તો મુખ્ય યજમાન તરીકે અનિલ સિંહ રાઠોડ પરિવાર દ્વારા ભાગ લીધો હતો અને વસંત રામ મહારાજ દ્વારા પૂજા વિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે કાળું સિંહ રાઠોડ અને જગત સિંહ પરિવાર દ્વારા ભારે જહેમત ઉઠાવી હતી અને આજુબાજુ ના ગામોમાંથી માઈ ભકતો ઉપસ્થિત રહી ને દર્શન કરી પ્રસાદ લઈ ને ધન્યતા અનુભવી હતી.



## પ્રાંતિજ ખાતે ઓફિસ આગળ પાર્ક કરેલ બાઇક કોઇ અજાણ્યો બાઇક ચોર ચોરી જતા પોલીસ ફરીયાદ થઈ

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ ઓફિસ આગળ પાર્ક કરેલ બાઈક કોઈ અજાણ્યો બાઈક ચોર બાઈક ચોરી ને લઈ જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બાઈક માલિક દ્વારા અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ પોલીસ ફરિયાદ કરી. પ્રાંતિજ એપ્રોચરોડ ઉપર આવેલ શીવમ કોમ્પલેક્ષ આવેલ ભગવતી એન્ટરપ્રાઈઝ નામ ની ઓફિસ આગળ રાત્રી ના સમયે ઓફિસ બહાર પાર્ક કરેલ બાઈક નંબર GJ09DD-7255 જેની કિંમત ૨૫૦૦૦ કે કોઈ અજાણ્યો બાઈક ચોર રાત્રી ના સમયે બાઈક ચોરી જતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બાઈક માલિક મિતેષ કુમાર રોહિત ભાઈ જોષી ઉ.વર્ષ-૩૫ ધંધો-કોન્ટ્રાક્ટર રહે. બાલીસણા માઢવાસ, તા.પ્રાંતિજ, જિ.સાબરકાંઠા દ્વારા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા અજાણ્યા બાઈક ચોર વિરૂધ્ધ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૭૯ વિરૂધ્ધ અજાણ્યો બાઈક ચાલક વિરૂધ્ધ ગુનોનોધી આગળ ની તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ એવા આદિવાસી વિસ્તારમાં આવેલી

# રિહેન એચ.મહેતા વિદ્યાલયમાં સ્પર્ધાત્મક ડેમો પરીક્ષાનો નવતર પ્રયોગ....

પાલનપુર તા.૨૩

બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના અંતરિયાળ અને આદિજાતિ વિસ્તારમાં આવેલી શ્રી રિહેન એચ.મહેતા વિદ્યાલયમાં ભણતા આદિજાતિના બાળકો ભવિષ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાની ખૂબ સારી તૈયારી કરી સરકારી નોકરી મેળવી શકે તે માટેના આયોજન રૂપે શાળામાં સામાન્ય જ્ઞાનની એક એમસીક્યુ પ્રકારની ડેમો પરીક્ષા લેવામાં આવી હતી.



આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ક્લાર્ક તલાટી પોલીસ જેવી ભરતી પરીક્ષામાં જેવી રીતે પેપર લેવાય છે એ જ રીતે અને એ જ પ્રકારના પેપર દ્વારા શાળામાં ધોરણ ૯થી ૧૨ના બાળકોની પરીક્ષા લેવામાં આવી હતી.. આ પરીક્ષાનું આયોજન ભાવનગરના વિકાસ વર્તુળ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે... પરીક્ષામાં શાળાના કુલ ૩૫૧ જેટલા બાળકો જોડાયા હતા... શાળામાં આ પ્રકારના નવતર પ્રયોગથી ભવિષ્યમાં આ વિસ્તારના બાળકો મહત્તમ સ્પર્ધાત્મક પરીક્ષા માં જોડાઈ અને સફળતા મેળવે તે શાળાનો મુખ્ય હેતુ હતો... સમગ્ર પરીક્ષાનું સુંદર આયોજન શાળા ના શિક્ષક શ્રી સાગર પઢિયાર દ્વારા કરવામાં આવ્યું હતું...આવી પરીક્ષાના આયોજન બદલ શાળા ના વિદ્યાર્થીઓ તેમજ પરીક્ષા માં કામગીરી કરનાર શિક્ષક ભાઈ બહેનો ને શાળાના આચાર્ય શ્રી ડૉ.રાકેશ પ્રજાપતિ એ અભિનંદન પાઠવ્યા હતા.

# પાલનપુરમાં આધાર પુરાવા વગર પરપ્રાંતિયને મકાન ભાડે આપવા મામલે ગુનો દાખલ કરાયો

**મકાન માલિકે ભાડુઆતની જાણ પોલીસ ને ન કરતા કાર્યવાહી કરાઈ**

પાલનપુર તા. ૨૩

પાલનપુરમાં એક મકાન માલિકે આધાર પુરાવા વગર એક પરપ્રાંતીયને મકાન ભાડે આપી આ ભાડુઆત અંગે નજીકના પોલીસ મથકમાં જાણ કરવામાં ન આવતા પૂર્વ પોલીસ દ્વારા આ મકાન માલીક વિરૂદ્ધ જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાંનો ભંગ કરવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લામાં પરપ્રાંતીય લોકોને મકાન ભાડે આપતા તેમજ હોટલ રેસ્ટોરન્ટ માં કામે રાખતા લોકોના આધાર પુરાવા મેળવી તેમની જાણ નજીકના પોલીસ મથકે કરવા જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરાયું હોવા છતાં પાલનપુરના તિરુપતિ ટાઉન શિપ ભાગ -૨ માં મકાન ધરાવતા મૂળ દાંતીવાડા તાલુકાના જેગોલ ગામના જયંતિભાઈ દેવજીભાઈ રૂપાવટ (ચૌધરી) પોતાનું મકાન આધાર પુરાવા વિના પરપ્રાંતીય ભાડે આપી તેમજ ભાડુઆત અંગે નજીક ના પોલીસ મથકમાં જાણ કરવામાં ન આવતાં પૂર્વ પોલીસ દ્વારા પરપ્રાંતીય ને આધાર પુરાવા વિના મકાન ભાડે આપી જિલ્લા મેજિસ્ટ્રેટ ના જાહેરનામાંનો ભંગ કરવા અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# પાલનપુર હનુમાન શેરીમાં મૃતકની જગ્યા ખોટા પાવર થી વેચી મરાઈ હોવાની રાવ

**હિન્દૂ વસ્તી ધરાવતા વિસ્તારમાં મુસ્લિમ ઇસમે બાંધકામ શરૂ કરતા રોષ : જૈન સમાજે બાંધકામ સામે મનાઈ હુકમ માટે જિલ્લા કલેકટરને રજુઆત કરાઇ**

પાલનપુર તા.૨૩

પાલનપુરના હનુમાન શેરી વિસ્તારમાં આવેલ એક મૃતક ની મિલકત ખોટા પાવર અને ખોટા દસ્તાવેજથી મુસ્લિમ પરીવાર ને વેચવામાં આવતા આ પરીવારે રસ્તો પાડી અને બારણા મુકતા શાંતિ ડહોળાય તેવી પરિસ્થિતિ ઉભી થતા બાંધકામ અટકાવવા જૈન સમાજ દ્વારા નગરપાલિકા તેમજ જિલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવી છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરની હનુમાન શેરીના નાયવાસમાં વર્ષ ૧૯૭૫ માં મરણ પામેલ ચીમનલાલ લલ્લુ ભાઈ દોશીની શીટ નંબર ૬૦ અને સર્વે નંબર ૨૪૫૬ ની મિલકત આવેલી છે જે મિલકત ને અમિત જે ભણસાલી નામના વ્યક્તિએ ખોટા પાવર અને ખોટા દસ્તાવેજ થી મુંબઈ ના એક મુસ્લિમ ઈસમ ને વેચી મારી હતી જે બાદ આ ઈસમે આ મિલકત પાલનપુર નગર પાલિકાના એક મુસ્લિમ સભ્યના પરીવારને વેચી મારતા તેને હિન્દૂ વિસ્તાર અને મંદિર ધરાવતા વિસ્તાર ષડ્યંત્ર રચી ખોટી રીતે રસ્તો પાડી તેમજ બાંધકામ શરૂ કરી બારણા મૂકી અવર જવર શરૂ કરતા શાંતિ ડહોળાય તેવી પરિસ્થિતિ નિર્માણ પામતા આ વિસ્તાર ના જૈન સમાજ દ્વારા હિન્દૂ વિસ્તાર માં ખોટા પાવર થી વેચી મરાયેલા મિલકત ના બાંધકામ પર મનાઈ હુકમ લાવવા મામલે નગરપાલિકા અને જિલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.